## ગ્રંથાલય ઓરિઅન્ટેશન કાર્યક્રમ










ગ્રંથાલય વિશે વિદ્યાર્થીઓને માહિતી આપતા ગ્રંથપાલ પ્રા.વી.આર. પઢિયાર

તા.12/08/2022, શુક્રવાર ડો.એસ. આર. રંગનાથનના જન્મ દિવસ નિમિત્તે "નેશનલ લાઈબ્રેરિયન દિવસ" ની ઉજવણી. કરવામાં આવી.





દિવ્ય ભાસ્કર **નવસારી** 14-08-2022

## ખેરગામમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ અને રાષ્ટ્રીય લાઈબ્રેરીયન્સ દિવસની ઉજવણી



ખેરગામ | ખેરગામ સરકારી કોલેજના આચાર્ય ડો.એસ. એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત N.S.S. વિભાગ અને ગ્રંથાલય વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય યુવા દિવસ અને રાષ્ટ્રીય લાઈબ્રેરીયન્સ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર નિર્માણ અને વિકાસની ભાવના કેળવાય, રાષ્ટ્રને સ્વચ્છ, સુરક્ષિત બનાવવાનું કર્તવ્ય ભારતના યુવાઓ સમજે એવું આચાર્ય ડો.પટેલે જણાવ્યું અને આ અંગેના સંકલ્પપત્રનું વાંચન N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા.અમિતભાઈ પટેલે કર્યુ હતું. એસ.આર.રંગનાથનની 130મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય લાઈબ્રેરીયન્સ દિવસની ઉજવણી પ્રસંગે ગ્રંથપાલ વિષ્ણુભાઈ પઢિયારે એસ.આર.રંગનાથનનું પુસ્તકાલય ક્ષેત્રમાં યોગદાન વિશે વિદ્યાર્થીઓને લાક્ષણિક અદામાં સમજાવ્યું હતું.

## ખેરગામની સરકારી કોલેજમાં "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ", "રાષ્ટ્રીય લાઈબ્રેરિયન્સ દિવસ"ની ઉજવણી





(સત્ય ડે) વિનોદ મિસ્ત્રી : ખેરગામ : સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, જિ.નવસારી ખાતે તા.૧૨/૦૮/૨૦૨૨ને શુક્રવારના રોજ આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત N.S.S. વિભાગ અને ગ્રંથાલય વિભાગ દ્વારા """આંતરરાષ્ટ્રીય યુવા દિવસ""" અને """રાષ્ટ્રીય લાઈબ્રેરિયન્સ દિવસ"""ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર નિર્માણ અને વિકાસની ભાવના કેળવાય, રાષ્ટ્રને સ્વચ્છ, સુરક્ષિત બનાવવાનું કર્તવ્ય ભારતના યુવાઓ સમજે એવું આચાર્યશ્રી ડો. એસ.એમ.પટેલે જણાવ્યું અને આ અંગેના સંકલ્પપત્રનું વાંચન N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા.અમિતભાઈ પટેલે કર્યુ હતું અને વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે સંકલ્પ લીધા હતા. સાથે સાથે એસ.આર.રંગનાથનની ૧૩૦મી જન્મ જયંતી નિમિત્તે """રાષ્ટ્રીય લાઈબ્રેરિયન્સ દિવસ"""ની ઉજવણી પ્રસંગે ગ્રંથપાલ વિષ્ણુભાઈ પઢિયારે એસ.આર.રંગનાથનનું પુસ્તકાલય ક્ષેત્રમાં યોગદાન વિશે વિદ્યાર્થીઓને લાક્ષણિક અદામાં સમજાવ્યું. આ તબક્કે આચાર્યએ પઢિયારને પુષ્પગુચ્છ આપી રાષ્ટ્રીય લાઈબ્રેરિયન્સ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન પ્રા. જિગરકુમાર પરમારે કર્યુ હતું.

શ્રી ઝવેરચંદ મેઘાણીની 126મી જન્મ જયંતી નિમિત્તે સાહિત્ય - પુસ્તક પરિચય તા. 30-8-2021









**ખેરગામ સરકારી કોલેજમાં ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતીની ઉજવણી કરાઈ**

(દ.ગું.ટા. પ્રતિનિધિ)
ખેરગામ, તા.૩૧ : સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ તા. ખેરગામ જિ. નવસારી ખાતે તા.૩૦/૦૮/૨૦૨૨ને મંગળવારના રોજ સમધારા અન્વયે જ્ઞાનધારા, સર્જનાત્મક અભિવ્યક્તિધારા અને ગુજરાતી વિભાગ તેમજ ગ્રંથાલયના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૨૩ જેટલા વિદ્યાર્થિઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. ઝવેરચંદ મેઘાણીનું જીવન અને લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈ સંશોધન કાર્યમાં આગળ વધે એ હેતુંને ધ્યાનમાં લઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમકે લોકગીત, મેઘાણી રેખાચિત્ર, વક્તૃત્વ, મોબાઈલ વિડિયો ક્લિપ અને સાહિત્ય પુસ્તક પરિચય. ગ્રંથપાલ વિષ્ણુંભાઈ પઢિયારએ લોકસાહિત્ય, સંશોધન, ચારણી અને બારોટ સાહિત્ય, ભાઈ બહેનના પ્રેમનું વેણિના ફુલ કાવ્યની પ્રસ્તુતી કરી તેમજ IQAC ના કો-ઓર્ડિનેટર ધર્મેશજ ઠેમ્બરે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની લોક પ્રિયતા, પ્રેમશૌર્યની ભાવના જગાડનાર કવિનો 'સિંધુડો' કાવ્ય સંગ્રહ અંગ્રેજ સરકારે જપ્ત કર્યો હતો. અને 'છેલ્લો કટોરો' કાવ્યમાં મેઘાણીએ ગાંધીજીના મનોસ્થિતિનું વર્ણન કર્યું હતું તથા ભારતના સ્વાતંત્ર્ય સેનાની સમાજ સુધારક અને અનુવાદક તરીકે યાદ કર્યા હતા. એસ.વાય.બી.એ.નો વિદ્યાર્થી નૈનેષ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન, હિરલ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ગણદેવી પાલિકા**

નવસારી, તા.૩૧ : ગણદેવી નગર પાલિકાના મુખ્ય અધિકારી તથા પ્રમુખ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર ગણદેવી નગર પાલિકા દ્વારા

- ગ્રંથાલય સમિતિ

## ૧૧. કોલેજમાં થયેલ અન્ય પ્રવૃત્તિઓનાં અહેવાલ અને ફોટોગ્રાફ્સ

તા.૨૯/૦૭/૨૦૨૨, પ્રવેશોત્સવ







પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ, મહેમાનશ્રીઓ અને મહેમાનોનું સ્વાગત કરતાં આચાર્યશ્રી ડો. એસ. એમ પટેલ સાહેબ

તા.૧૫/૦૮/૨૦૨૨, સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી










સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજને સલામી આપતા વિદ્યાર્થીઓ સ્ટાફગણ તેમજ સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા આપતા આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબ

તા.૦૩/૧૦/૨૦૨૨, નવરાત્રીનાં પાવન પરવા નિમિત્તે હોમ-હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું













તા.૦૪/૧૦/૨૦૨૨, મેન્ટર મેન્ટીની મિટિંગ અને કાઉન્સેલિંગ








મેન્ટર મેન્ટીની મિટિંગ અને કાઉન્સેલિંગમાં ઉદબોધન કરતાં આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ સાહેબ તેમજ ઉપસ્થિત અધ્યાપકો

## ૧૧.૪. અન્ય થયેલ પ્રવૃતિઓ ૨૦૨૨-૨૩

### G20 "વસુધૈવ કુટુંબકમ - એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય"

G20, આંતરરાષ્ટ્રીય સહયોગ માટેનું મુખ્ય મંચ છે. G20ની રચના ૧૯૯૯માં ૧૯૯૦નાં દાયકાના અંતમાં એટલે કે ૧૯૯૯માં નાણાંકીય કટોકટી ખાસ કરીને પૂર્વ એશિયા અને દક્ષિણ પૂર્વએશિયાને અસર કરી હતી તેના પરિપાક રૂપે કરવામાં આવી હતી. તેનો હેતુ મધ્યમ આવક ધરાવતા દેશોને સામેલ કરીને વૈશ્વિક નાણાંકીય સ્થિરતા સુરક્ષિત કરવાનો છે. ડીસેમ્બર, ૧૯૯૯માં નાણાંપ્રધાનો અને સેન્ટ્રલ બેન્કના ગવર્નરો મહત્વના ઉભરતા દેશો સૌપ્રથમ વખત જર્મનીની રાજધાની બર્લિનમાં મળ્યાં હતા અને વૈશ્વિક આર્થિક સ્થિરતા માટેના મહત્વના મુખ્ય મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઇ હતી ત્યારથી ફાઈનાન્સ મંત્રીઓ અને સેન્ટ્રલ બેન્કના ગવર્નરો દર વર્ષે મળે છે અને આર્થિક અર્થવ્યવસ્થાની ચર્ચાઓ કરે છે. સમગ્ર વિશ્વમાં ભાવી નાણાંકીય કટોકટીને રોકવા માટે ખાસ ભાર સાથે કામ કરે છે તેનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય આર્થિક સહકારનો છે. વૈશ્વિક આર્થિક કાર્યસૂચીને આકાર આપવામાં તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. G20 દેશોમાં વિશ્વની વસ્તીના ૬૦%, વૈશ્વિક GDPનાં ૮૦% અને વૈશ્વિક વેપારનાં ૭૫%નો સમાવેશ થાય છે. તેના સભ્યો દેશોમાં આર્જેન્ટીના, ઓસ્ટેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાંસ, જર્મની, ભારત, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, કોરિયા, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, ઈંગલેન્ડ, અમેરિકા, UAE સામેલ છે.

G20નું પ્રમુખપદ દર વર્ષે સભ્યોમાં ફરે છે અને પ્રમુખપદ ધરાવતો દેશ અગાઉના અને પછીના વર્ષે પ્રમુખ ધરાવનાર દેશ સાથે મળીને G20નો કાર્યક્રમ નક્કી કરવા માટે 'ટ્રોઈકા'ની રચના કરે છે. હાલમાં ઇન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલ 'ટ્રોઈકા' દેશો છે. વર્તમાન સમયમાં ભારત પ્રમુખપદ ધરાવે છે. G20નું કાયમી સચિવાલય નથી એટલે કે કાયમી સ્ટાફ વિના કાર્ય કરે છે અને તેની ખુરશી દર વર્ષે ફરે છે. આ ખુરશી એ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના ત્રણ-સદસ્યના સંચાલન જૂથોનો એક ભાગ છે ખુરશીઓને 'ટ્રોઈકા' તરીકે ઓળખવામાં આવે છે.

G20નાં વર્તમાન અધ્યક્ષ ભારત છે. આગામી ખુરશી બ્રાઝિલ પાસે હશે. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ કહ્યું છે કે "એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય" ની થીમ આપણે આપી છે તે આપણી "वसुधैव कुटुंबकम"
ની ભાવનાને દર્શાવે છે.૧૩૦ કરોડ ભારતીયો વિશ્વ શાંતિના દૂત બનીને તેમજ સૌના સાથ સહકારથી કામ કરે તે ખૂબ જરૂરી છે. વિશ્વમાં કોરોનાનાં કપરાકાળમાં ભારત ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે એ મહત્વની વાત છે.

તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ શ્રી દિવ્યેશભાઈ પટેલ, નોંધણી નિરીક્ષક, વલસાડથી આવ્યા હતા જેમણે વિદ્યાર્થીઓને મિલકત નોંધણીના કાર્યો, જમીન માપણી, સ્ટેમ્પ ડ્યુટી, સ્થાવર જંગમ મિલકત, માલિકી હસ્તાંતરણ બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો, કાયદાનો વ્યવહારુ ઉપયોગ સાથે કારકિર્દી આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી નિર્મલભાઈ ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી, નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા. એમણે વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા જણાવ્યું કે "તમે જે ગામમાં કેમ્પ લઈને આવ્યા છો ત્યાં અને તમે જે ગામમાંથી આવો છો ત્યાં તમને સરકાર તરફથી કયા કયા લાભો મળી શકે? સરકારશ્રીની કઇ યોજના અંતર્ગત આપણે તેઓને લાભ અપાવી શકીએ, જેમકે અનાથ બાળક, વૃધ્ધ પેન્શન, દિવ્યાંગ, વિધવા

પેન્શન યોજનાઓ અંગે માહિતગાર કર્યા. NSS નો શિબિરાર્થી સમાજ સેવા થકી રાષ્ટ્રના વિકાસમાં કઈ રીતે સહભાગી બની શકે તે અંગે પોતાના અંગત જીવનમાં થયેલ અનુભવો રજૂ કરી પ્રોત્સાહિત કર્યા.













વ્યાખ્યાન આપતા શ્રી દિવ્યેશભાઈ પટેલ અને શ્રી નિર્મલભાઈ ચૌધરી

તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ "વ્યસન મુક્તિ" વિષય સંદર્ભે ડૉ.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે તંદુરસ્ત રહેવા માટે શું કરવું? વ્યસનથી દૂર રહેવા અને તેનાથી થતાં ગંભીર રોગો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા તેમજ માનસિક સ્વસ્થતા ઉપર ખાસ ભાર મૂક્યો હતો.










વ્યાખ્યાન આપતા ડૉ.શરદભાઈ પટેલ

તા.૦૭/૦૧/૨૦૨૩ શનિવારના રોજ મહિલાઓને થતાં ગંભીર રોગો વિષે ડો. રિંકલબેન આર. પટેલ (હોમયોપેથિક મેડિકલ ઓફિસર રૂમલા) એ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીનીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ઉપરોક્ત કેમ્પમાં HB, RBS, HIV, Biochemistry, Widal, Malaria વગેરે ૬૯ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા.


